તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૩૮ | ૯ નવેમ્બર, ૨૦૧૬, બુધવાર ; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કાળા નાણાં પર સર્જીકલ સ્ટ્રાઈક

## નરેન્દ્ર મોદીની રાષ્ટ્રને નામ પોતાના સંબોધનમાં એકાએક મોટી જાહેરાત : ભ્રષ્ટાચાર, કાળા નાણા અને બનાવટી નોટ સામેની લડાઈને હવે ઐતિહાસિક સ્તર પર લઇ જવાની જાહેરાત : ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટો જારી થશે



### ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ તાત્કાલિક ધોરણે રદ

### ૯-૧૦મીએ એટીએમ બંધ જ રહેશે : આજે બધી બેંક બંધ રાખવા ઘોષણા

નવી દિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અનેક પ્રકારના સસ્પેન્સ વચ્ચે દેશને નામ સંબોધન કર્યું હતું. આ સંબોધન કરવાની શરૂઆત કરી ત્યારે જ તમામ લોકોને પહેલાથી જ એવું લાગી રહ્યું હતું કે, કોઈ મોટી જાહેરાત કરવામાં આવનાર છે અને ધારણા પ્રમાણે જ નરેન્દ્ર મોદીએ આજે જાહેરાત કરી હતી કે, ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટની લેવડદેવડ અડધી રાતથી એટલે કે તાત્કાલિક ધોરણથી બંધ કરવામાં આવી રહી છે. મોદીની આ જાહેરાતથી સોપો પડી ગયો હતો. તેમણે કહ્યું હતું કે, ૩૦મી ડિસેમ્બર સુધી આ પ્રકારની નોટ બેંકમાં પરત કરવાની રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોઈ કારણસર જો ૩૦મી ડિસેમ્બર સુધી આ નોટ જમા કરી શકાશે નહીં તો વધુ એક તક આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, કાળા નાણાને રોકવા તથા ભ્રષ્ટાચાર ઉપર બ્રેક મુકવાના હેતુસર આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવી રહ્યો છે. મોદીએ સવા ૮ વાગ્યાની આસપાસ રાષ્ટ્રને નામ સંબોધન કર્યું હતું. તેમણે જાહેરાત કરતા કહ્યું હતું કે, ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટ જારી કરવામાં આવનાર છે. મોદીએ તમામ બેંકો આવતીકાલે બંધ રહેશે તેવી જાહેરાત પણ કરી હતી. સાથે સાથે કહ્યું હતું કે, ૧૦૦, ૫૦, ૨૦, ૧૦, ૫, ૨ અને એક રૂપિયાની નોટ તથા તમામ સિક્કા જે હાલમાં લેવડદેવડમાં છે તેને ઉપયોગમાં લઈ શકાશે. તેના ઉપર કોઈ અસર થશે નહીં. મોદીએ કહ્યું હતું કે, ૧૧મી નવેમ્બર સુધી રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને વિમાની મથકો ઉપર સુવિધાઓને ધ્યાનમાં લઈને તથા લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટની લેવડદેવડ થશે. ૧૧મી નવેમ્બરની રાત્રે ૧૨ વાગ્યા સુધી પેટ્રોલ પંપ, સીએનજી સ્ટેશન પર ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ સ્વીકાર કરવાની છુટ રહેશે. કોઈપણ બેંક અને પોસ્ટ ઓફિસમાં જઈને ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટને બદલી કરી શકાશે. ૩૦મી ડિસેમ્બર સુધી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટને બેંકોમાં જમા કરી શકાશે. વડાપ્રધાને નવ અને ૧૦મી નવેમ્બરના દિવસે એટીએમને બંધ રાખવાની પણ વાત કરી છે. શરૂઆતના કેટલાક દિવસ સુધી ૨૦૦૦ રૂપિયાથી વધારેની રકમ એટીએમમાંથી પણ ઉપાડી શકાશે નહીં. આપની રકમ આપની જ રહેશે તેને લઈને કોઈ ચિંતાની જરૂર નથી તેવી વાત પણ કરી હતી. સરહદ પારથી અમારા દુશ્મનો બનાવટી નોટના કારોબારને ભારત દેશમાં ચલાવે છે. કરોડો ભારતવાસી જે લોકો ઈમાનદારીમાં વિશ્વાસ કરે છે તેમનું માનવું છે કે, ભ્રષ્ટાચાર, કાળા નાણા અને ત્રાસવાદની સામે નિર્ણાયક લડાઈ લડવાનો સમય આવી ગયો છે. હવાલાનો ઉપયોગ આતંકવાદીઓ હથિયારો ખરીદવા માટે પણ કરે છે. ચૂંટણીમાં કાળા નાણાને લઈને ચર્ચા કોઈ નવી વાત રહી નથી. આ તમામ બાબતોને

● અનુસંધાન પાન-૭ પર

## મોદીની મહત્વની જાહેરાતો

- તાત્કાલિક ધોરણે ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ
- ૧૦મી નવેમ્બરથી ૩૦મી ડિસેમ્બર સુધી ૫૦૦ અને ૧૦૦૦ની મોટ બેંકોમાં જમા કરાવી શકાશે
- કોઇપણ બેંક અને પોસ્ટઓફિસથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બદલી શકાશે
- ૧૧મી નવેમ્બરે રાત્રે ૧૨ વાગ્યા સુધી પેટ્રોલ પંપ, સીએનજી સ્ટેશન પર ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ સ્વિકાર કરાશે
- ૧૧મી નવેમ્બર સુધી રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, વિમાની મથક પર ૫૦૦ ્ને ૧૦૦૦ રૂપિયાની નોટની લેવડદેવડ થશે
- ભ્રષ્ટાચાર, કાળા નાણા, બનાવટી નોટના કારોબારને રોકવાના હેતુસર નિર્ણય કરાયો
- આજે તમામ બેંકોને બંધ રખાશે
- રિઝર્વ બેંક ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટ જારી કરશે
- ૧૦૦, ૫૦, ૨૦, ૧૦, ૫, ૨, ૧ રૂપિયાના નોટ યથાવત ચાલુ રહેશે
- એટીએમ ૯મી અને ૧૦મીએ બંધ રાખવામાં આવશે
- ૧૧મી નવેમ્બરની રાતથી ૧૨ વાગ્યા સુધી નાગરિકો માટે કેટલીક ખાસ વ્યવસ્થા કરાઈ છે
- ૨૦૦૦ રૂપિયા સુધી એટીએમમાંથી એક દિવસમાં રૂપિયા ઉપાડી શકાશે

# પ્રદૂષણ મુદ્દે દિલ્હી સહિત પાંચ રાજ્યોને એનજીટીની ફટકાર


## જીંદગી અને મોતનો મામલો બની ગયો હોવાની જોરદાર ચેતવણી ક્રેનના બદલે હેલિકોપ્ટરથી પાણીનો છંટકાવ કેમ કરવામાં આવી રહ્યો નથી દિલ્હીમાં સાત દિવસ સુધી નિર્માણ કામ ઉપર બ્રેક

નવીદિલ્હી,તા. ૮

પ્રદૂષણને લઈને દિલ્હી સહિત પાંચ રાજ્યોને એમજીટીએ આજે જોરદાર ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે, આ જીંદગી અને મોતનો મામલો બની ગયો છે. સ્મોગના મુદ્દે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એનજીટી)એ દિલ્હી સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. દિલ્હીની સાથે સાથે પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન સરકારને પણ પ્રદૂષણને લઈને ઉદાસીન વલણ અપનાવવા બદલ લાલઆંખ કરવામાં આવી હતી. એનજીટીએ દિલ્હી સરકારને પ્રશ્ન કર્યો હતો કે, પ્રદૂષણને ઘટાડવા સંબંધિત કોઈ આંકડા તેની પાસે છે કે કેમ. સાથે સાથે એવો પ્રશ્ન પણ કર્યો હતો કે, પાણીનો છંટકાવ ક્રેનના બદલે હેલિકોપ્ટરથી કેમ કરવામાં આવી રહ્યો નથી. એનજીટીએ દિલ્હીમાં સાત દિવસ સુધી કોઈપણ પ્રકારના નિર્માણ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. એનજીટીએ કહ્યું છે કે, દિવાળી અને ક્રોપ બર્નિંગને લઈને પ્રદૂષણના સંદર્ભમાં તમામ લોકો માહિતી ધરાવે છે પરંતુ સરકારે ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં પ્રદૂષણને લઈને કેટલીક બેઠકો યોજી હતી કે કેમ. પ્રદૂષણ ઘટાડવા માટે કયા પગલા લેવામાં આવી રહ્યા છે તેવા પ્રશ્ન કરવામાં આવી રહ્યા હતા. એનજીટીએ કઠોર અંદાજમાં કહ્યું હતું કે, આ જીવન અને મોતનો મામલો છે. બાળકોને ઘરમાં રહેવા ફરજ પાડવામાં આવી રહી છે. દિલ્હી, એનસીઆરમાં વધતા જતાં પ્રદૂષણના કારણે એનજીટીએ પાક સળગાવવા ઉપર નિયંત્રણ માટે પગલા લેવામાં આવ્યા છે. આના પર બ્રેક મુકવાની માંગ કરવામાં આવી છે.

પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશની આજે ટિકા કરવામાં આવી હતી. દિલ્હી સરકારને વાયુ પ્રદૂષણના કારણે સ્કૂલો બંધ રાખવાના મુદ્દે નિર્ણયને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોઈ વૈજ્ઞાનિક અભ્યાસની કામગીરી પ્રદૂષણને ઘટાડવા માટે કરાઈ છે કે કેમ તેવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. પ્રદૂષણને લઈને ભારે હોબાળો હાલમાં મચેલો છે. સ્મોગના મુદ્દે એનજીટીએ આજે લાલઆંખ કરી હતી. પ્રદૂષણથી બચવા માટે પહેરવામાં આવતા માસ્કની એક મર્યાદા રહેલી છે. એક હદ બાદ આનાથી પણ નુકસાન થઈ શકે છે. પંજાબ સરકાર, હરિયાણા સરકારની ઝાટકણી કાઢવામાં આવી હતી.

# શહેરમાં મોડીરાત્રે એટીએમ-પેટ્રોલ પંપ પર ધસારો




ભારત સરકારમાં પ્રધાનમંત્રીએ આજે લીધેલા ઐતિહાસિક ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ થવાથી દેશભરમાં એટીએમ મશીનો પર ભારે ભીડ થવા પામી છે. જેને પગલે ગાંધીનગરમાં પણ સમી સાંજથી જ એટીએમ મશીનો પર લોકોની ભારે ભીડ જામવા લાગી છે. ચલણી નોટો હજારની અને ૫૦૦ની બંધ થવાના સમાચાર સોશ્યલ મીડીયા પર તેમજ ટીવી મીડીયા પર વાયરલ થતાં ઠેર ઠેર ચલણી નોટોની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે. ગાંધીનગર શહેરમાં પણ ચલણી નોટોના સમાચાર જાહેર થતાં ઠેર ઠેર લારી ગલ્લાઓ પર અને વાણિજ્ય ક્ષેત્રમાં ભારે ઉહાપોહ મચી ગયો છે. આસપાસના મીત્રો એકબીજાને ફોન કરી ચલણી નાણાનો જલ્દી નિકાલ કરવા ફોન કરી જાણકારી આપી રહ્યા છે. જ્યારે કેટલાક લોકો જે ચિંતામાં છે તે હવે શું થશે ?, ચલણી નોટો ક્યારે બદલાશે તેવી દુવિધામાં મુકાઈ ગયા છે. શહેરમાં મોડી સાંજથી જ એટીએમની આસપાસ લોકોની લાંબી કતાર જોવા મળી રહી છે.

# આજથી રાજકોટમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ મેચ

રાજકોટ,તા. ૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલથી રાજકોટમાં પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આને લઈને રાજકોટમાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બન્ને ટીમો પહોંચી ગયા બાદ પ્રેકટીસમા પણ વ્યસ્ત બની ચુકી છે. ભારતીય ટીમ સામે ઈંગ્લેન્ડનો દેખાવ હમેંશા ધરખમ રહ્યો છે. બીજી બાજુ વિરાટ કોહલીના નેતૃત્વમં ભારતીય ટીમ આ વખતે છેલ્લી બે શ્રેણીમાં થયેલી હારનો બદલો લેવા માટે મેદાનમાં ઉતરશે. કોહલીની ટીમ હાલમાં શાનદાર ફોર્મમાં દેખાઈ રહી છે. સાથે સાથે આંકડા પણ ભારતની તરફેણ કરી રહ્યા છે.

ભારતીય ટીમના તમામ સ્ટાર ખેલાડી શાનદાર દેખાવ કરવા માટે તૈયાર છે. તમામની નજર ફરી એકવાર વિરાટ કોહલી અને ચેતેશ્વર પુજારા સિવાય રવિચન્દ્ર અશ્વીન અને અમિત મિશ્રા પર કેન્દ્રિત રહેશે. ભારતીય પ્રવાસ કોઇ પણ ટીમ માટે પડકારરૂપ બની જાય છે. વર્ષ ૨૦૦૦ બાદથી ભારતમાં આવીને ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને ઈંગ્લેન્ડ જેવી ટીમનોની હાલત કફોડી રહી છે.

ઈંગ્લેન્ડે છેલ્લે ૨૦૧૨માં ભારતનો પ્રવાસ કર્યો હતો. આ સિરિઝમાં ઈંગ્લેન્ડને ૨-૧થી જીત મળી હતી. અમદાવાદમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની હાર થઈ હતી જ્યારે મુંબઈ અને કોલકાતામાં રમાયેલી બાકીની બંને ટેસ્ટ મેચોમાં ઈંગ્લેન્ડે જીત મેળવી હતી.

આગામી વર્ષના પરિણામની ખાત્રી કરીને એડમિશન લેશો.
લક્ષ્ય
સ્ટડી મટીરીયલ્સ તદ્દન ફ્રી
PSI SPECIAL BATCH
તાલીમ વર્ગનો સમય સવારે - ૮:૦૦ થી ૧૦:૦૦
ફી - રૂા. ૫૦૦૦/- માત્ર
તાલીમ વર્ગ તા. ૧૫/૧૧/૨૦૧૬ થી શરૂ
❋ અઠવાડીક ટેસ્ટનું આયોજન
❋ લક્ષ્યના જુના વિધાર્થીઓ માટે ફી માં ૫૦% રાહત
❋ અધત્તન લાયબ્રેરીની વ્યવસ્થા
સિનિયર કલાર્ક, નાયબ ચીટનીશ, સબ ઓડીટર, પંચાયત કલાર્ક
તાલીમ વર્ગનો સમય સાંજે - ૬:૦૦ થી ૮:૦૦
ફી - રૂા. ૫૦૦૦/- માત્ર
તાલીમ વર્ગ તા. ૧૫/૧૧/૨૦૧૬ થી શરૂ
'લક્ષ્ય', અટ્રીયા-બી, બીજો માળ, સરગાસણ ચાર રસ્તા, સરખેજ-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર
મો. ૮૪૦૧૩ ૦૫૪૬૮, ૯૯૯૮૯ ૪૮૦૯૩, ૯૮૨૫૬ ૩૨૮૩૮

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ગાંધીનગર-ચાંદખેડા-કલોલ-દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
બેંક ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401

PSI
વર્ગ-૩ માસ્ટર કોર્ષ
પ્રવેશ શરૂ
Classmate ACADEMY
HITESH SIR
Mo.98248 87985, 7878787985
સેક્ટર-૩, ઘ-દોઢના બસ સ્ટેન્ડની બાજુમાં, આદ્યા બેન્ક પાસે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651